naj Foundation Che

X
99

SELF JAPANESE TEACHER.

ain. Gurukul Kangri C

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધી સેલ્ફ જાપાનીઝ ટીચર.

(જાપાનીઝ સ્વયં શિક્ષક.)

વી. નારેલ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

* ओ३म् *

पुस्तक की संख्या.................66 ग

पुस्तकालय–पञ्जिका–संख्या.....१५ 5 5232

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई महाशय १९ दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकता। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[illegible] प्रमाणीकरण १९८४-१९८५

CH[illegible] 1973

Initial ....

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

15532

Gurukula Library Kangri

॥ ૐ ॥

ધી સેલ્ફ જાપાનીઝ ટીચર

(જાપાનીઝ સ્વયં શિક્ષક.)

લેખકઃ—

વૃજલાલ અર્જુનલાલ નિર્મળ.

પ્રથમાવૃત્તિ ૧૦૦૦.	આર્ય સંવત ૧૯૭૨૯૪૯૦૩૪.	દયાનંદાબ્દ ૧૦૮.
વિક્રમ સંવત ૧૯૮૯.	કિંમત રૂ. ૩-૦-૦.	ઇસ્વીસન ૧૯૩૩.

કર્તાએ સર્વે હક્ક સ્વાધીન રાખ્યા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશકઃ—
વૃજલાલ અર્જુનલાલ નિર્મળ.
મુ. ચિતળ.

શ્રી કૃષ્ણ પ્રીન્ટીંગ પ્રેસમાં રતિલાલ હરજીવન પટેલે
છાપ્યું, મંગળદાસ રોડ, મુંબઈ નં. ૨.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

B

V. NAMEL.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

॥ ૐ ॥

નિવેદન.

આ પુસ્તકનું નામજ સુચવે છે કે તે શું છે. તેના ત્રણ ભાગ પાડી શકાય છે, વ્યાકરણ, પાઠો, તથા શબ્દકોષ. તેમાં શબ્દકોષ શીવાયના બન્ને ભાગો શીખવાની સગવડતાને લીધે અંદરો અંદર ગુંથીત કરેલા છે.

તે ઉપરાંત, ભાષા લખતાં શીખવા પણ સહેલાઇ થાય તેમાટે મુળાક્ષરો પણ આપવામાં આવ્યા છે. જાપાનીઝ ભાષામાં લખવાની નિશાનીઓ ત્રણ પ્રકારની છે, જે કાતાકાના, હીરાકાના તથા હોનજીના નામે પ્રખ્યાત છે. તે બાબતમાં વધારે વિગત પુસ્તકની અંદર લખવામાં આવેલ છે તે વાંચવાથી ખુલાસો થશે.

છતાં, એ ધ્યાનમાં રાખવું જોઇએ જે આ પુસ્તકમાં જ્યાં જ્યાં તે મુળાક્ષરો શીવાયના બીજા અક્ષરો જોવામાં આવે ત્યાં ત્યાં તેને લગતા મુળાક્ષરોનો તેવો ઉચ્ચાર થાય છે તેમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમજવું. દાખલા તરીકે:— લખવું = કાકુ, પણ, ખાકુ; પાછાં આવવું = કાએરૂ, પણ, ખાએરૂ; છે = દેસુ, પણ, દેસ.

સાધારણ રીતે, વેપાર કરતા તેમજ તે અર્થે જાપાન જતા માણસો પુખ્ત વયના તેમજ માતૃભાષા પણ સારીરીતે જાણવા-વાળા હોય છે, તેથી તે બાબતો ખ્યાલમાં રાખી આ પુસ્તકની અંદર લખાણ તેમજ સમજુતીઓ આપવામાં આવેલાં છે.

આ પુસ્તકની અંદર જે જે સમાવેશ કરવામાં આવેલ છે તેટલું શીખવાથી પણ જાપાનીઝ ભાષાનું સંગીત જ્ઞાન સંપાદન થઇ શકશે એ માનવું ભુલ ભરેલું છે; કારણ કે કોઇપણ પરદેશી ભાષા શીખવી તે તે લોકોની સાથે એકમેક થઇને, રહીને, શીખવાથી જેટલી સહેલાઇથી શીખી શકાય છે તેટલી બીજી રીતે શીખી શકાતી નથી; કારણકે ભાષા ભાષામાં પણ ઉચ્ચાર કરવાની પદ્ધતિ, ભાર મુકવાની પદ્ધતિ, વિગેરેમાં ઘણો ફેર હોય છે. જેથી તે લોકોના ઉચ્ચાર તથા બોલવા તરફ લક્ષ આપી શીખવામાં આવે તોજ સારીરીતે શીખી શકાય છે. માટે દરેક ભાઇઓને વિનંતી છે કે તેઓએ જાપાનીઝ લોકોની બોલવાની ઢબ ઉપર પુરતું ધ્યાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શરૂઆતથીજ આપવું કે જેથી ભાષા શુધ્ધપણે તેમજ જલ્દી બોલી શકાય.

ઉપરાંત, એટલું તો ચોકસપણે કહી શકાય કે ધંધા અર્થે અત્રેના તેમજ જાપાન જનારા ભાઇઓને પણ આ પુસ્તક બેશક ઉપયોગી થઇ પડશે. સારાંશ કે અત્રેનો તથા પરદેશ જતો વેપારી વર્ગ કે નોકરીઆત વર્ગને પોતાના ધંધામાં સગવડતા મળે તે નેમથી આ પુસ્તક લખવામાં આવ્યું છે; અને જો આ પુસ્તક તે પ્રમાણે નીવડશે તોજ હું મારી મહેનત સફળ થઈ સમજીશ.

સંસારની અંદર પરમાત્મા શીવાય પુર્ણ કોઇ છેજ નહીં તેથી પુસ્તકની અંદર ભુલભાલો હોવાનો સંભવ છે. તો જે જે ભાઇઓના જાણવામાં આવે તેઓ તે જણાવશે તેટલુંજ નહીં પરંતુ પુસ્તકના સુધાર તથા ઉપયોગીતા માટેની જે કાંઇ સુચનાઓ પણ કરવામાં આવશે તેને માટે આભારી થઇશ, તથા તેનાપર બીજી આવૃત્તિમાં પુરતું ધ્યાન અપાશે. ॐ શાન્તિ : ॥

ચિતળ.
તા.૧–૪–૩૩.

લી. લેખક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટુંકા શબ્દોની સમજુતી.

અ. ક્રિ. = અકર્મક ક્રિયાપદ.

ક્રિ. = ક્રિયાપદ.

ક્રિ. વિ. = ક્રિયા વિશેષણ.

ના. = નામ.

પ્ર. = પ્રત્યય.

વ. કૃ. = વર્તમાન કૃદંત.

વિ. = વિશેષણ.

શં. વર્તમાન = શંકાર્થ વર્તમાનકાળ.

શં. ભૂત = શંકાર્થ ભૂતકાળ.

સ. = સર્વનામ.

સ. ક્રિ. = સકર્મક ક્રિયાપદ.

સં. ભૂ. = સંભવીત ભૂતકાળ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમણિકા.

વિષય.	પૃષ્ઠ.
સંખ્યા	૧—૨
અનુક્રમ	૨—૪
નામ	૪—૫
જાતિ	૫—૬
વચન	૬—૭
ક્રિયાપદ	૭-૧૧
મુળાક્ષર	૧૧-૧૨
મુળાક્ષર તથા અંકનો નકશો	૧૨
વાક્ય રચના	૧૩-૧૪
પાઠ ૧ લો તથા ૨ જો	૧૪-૧૫
સર્વનામ	૧૬-૧૭
પાઠ ૩ જો તથા ૪ થો	૧૮-૧૯
ક્રિયાપદ	૨૦-૨૨
પાઠ ૫ મો તથા ૬ ઠો	૨૩-૨૪
વિભક્તિ	૨૫
વિશેષણ	૨૫-૨૮
પાઠ ૭ મો તથા ૮ મો	૨૯-૩૦
કાળક્રમ	૩૦-૩૬
પાઠ ૯ મો તથા ૧૦ મો	૩૬-૩૮
અપુર્ણાંક વિગેરે	૩૮-૪૧
પાઠ ૧૧ મો તથા ૧૨ મો	૪૨-૪૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિષય.	પૃષ્ઠ.
ક્રિયા વિશેષણ	૪૪–૪૫
આશ્ચર્યાર્થ શબ્દો	૪૬
પાઠ ૧૩ મો	૪૭
પાઠ ૧૪–૧૫ ઉપયોગી નાનાં વાકયો	૪૮–૪૯
પાઠ ૧૬ થી ૧૮ હોટેલને લગતાં વાકયો	૫૦–૫૨
પાઠ ૧૯ મો વખતને લગતાં વાકયો	૫૩
પાઠ ૨૦ મો તબીયતને લગતાં વાકયો	૫૪
પાઠ ૨૧ મો ટપાલ તથા તારને લગતાં વાકયો	૫૫
પાઠ ૨૨–૨૩ કામકાજને લગતાં વાકયો	૫૬–૫૭
પાઠ ૨૪ થી ૩૧ વેપાર સંબંધી વાકયો	૫૮–૬૫
પાઠ ૩૨ થી ૩૪ મુસાફરી સંબંધી વાકયો	૬૬–૬૮
પાઠ ૩૫ થી ૩૮ રૂને લગતાં વાકયો	૬૯–૭૨
પાઠ ૩૯ થી ૪૩ કામકાજ સંબંધી વાકયો	૭૩–૭૭
પાઠ ૪૪ મો (જાપાનીઝ વાર્તા) ઉંદરનું ડહાપણ	૭૮
પાઠ ૪૫ મો " દવા	૭૯
પાઠ ૪૬ મો " પક્ષી તથા દિશા	૮૦
પાઠ ૪૭ મો " વહેલાં ઉઠવું	૮૧
પાઠ ૪૮ મો " હાના નામની છોકરી	૮૨
પાઠ ૪૯ મો " આંગળીઓનાં નામ	૮૩
પાઠ ૫૦ મો " દારૂમાસાં	૮૪
જાપાનીઝ–ગુજરાતી શબ્દકોષ	૮૫–૧૨૨
ગુજરાતી–જાપાનીઝ શબ્દકોષ	૧૨૩ થી સમાપ્તિ પર્યંત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધી સેલ્ફ જાપાનીઝ ટીચર.

સંખ્યા.

	(ચાઈનીઝ)	(જાપાનીઝ)	(ટુંકારૂપ)
એક	ઇચી	હીતોત્સુ	હી
બે	ની	ફુતાત્સુ	ફુ
ત્રણ	સાન	મીત્સુ	મી
ચાર	શી*	યોત્સુ	યો
પાંચ	ગો	ઇત્સુત્સુ	ઇત્સુ
છ	રોકુ	મુત્સુ	મુ
સાત	શીચી†	નાનાત્સુ	નાના
આઠ	હાચી	યાત્સુ	યા
નવ	કુ	કોકોનોત્સુ	કોનો
દશ	જુ	તો	

(ચાઈનીઝ)

અગ્યાર	જુ-ઇચી	ચૌદ	જુ-શી*
બાર	જુ-ની	પંદર	જુ-ગો
તેર	જુ-સાન	સોળ	જુ-રોકુ

* જાપાનીઝ ભાષામાં "શી" તે 'શીનું'= મરીજવું તે ક્રિયાપદને મળતાવડું હોવાથી અને અપશુકન વાચક ગણવાથી મોટે ભાગે જાપાનીઝ સંખ્યાનો આંકડો "યોત્સુ" વપરાય છે.

† શીચી તે શીની સાથે ભુલાય નહી તેટલા માટે શીચીને બદલે નાનાત્સુ વધારે વાપરવામાં આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સત્તર	જુ-શીચી	બસો	ની હયાકુ
અઢાર	જુ-હાચી	ત્રણસો	સામ્બ્યાકુ
ઓગણીસ	જુ-કુ	ચારસો	શી હયાકુ (યોં હયાકુ)
વીશ	ની-જુ	પાંચસો	ગો હયાકુ
ત્રીશ	સાન-જુ	છસો	રો પ્યાકુ
ચાળીશ	શી-જુ (યો-જુ)	સાતસો	શીચી-હયાકુ
પચાશ	ગો-જુ	આઠસો	હાપ્યાકુ
સાઠ	રોકુ-જુ	નવસો	કુ હયાકુ
સીત્તેર	શીચી-જુ	હજાર	સેન
એંસી	હાચી-જુ	દશ હજાર	માન
નેવું	કુ-જુ	લાખ	જુ-માન
સો	હયાકુ	દશ લાખ	હયાકુ-માન
સવાસો	હયાકુની-જુ-ગો	કરોડ	સેન-માન
દોઢસો	હયાકુ ગોજુ	દશ કરોડ	ઓકુ
પોણાબસો	હયાકુ શીચીજુગો		

અનુક્રમ.

જાપાનીઝ ભાષામાં અનુક્રમ વાચક સંખ્યા બનાવવા માટે, સંખ્યાની આગળ "દાઇ" શબ્દ મુકવામાં આવેછે. જેમકેઃ—દાઇ-ઇચી, દાઇ–ની, દાઇ–સાન, વિગેરે.

વળી "બાન" તથા "બાન મે" શબ્દો સંખ્યાની પાછળ લગાડવાથી પણ અનુક્રમવાચક સંખ્યા બનાવવામાં આવેછેઃ—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેમકેઃ—ઇચી-બાન, ની-બાન, સામ્બાન, વિગેરે, તેમજ, ઇચી-બાનમે, નીબાનમે, સામ્બાનમે, વિગેરે.

પરંતુ "બાન" તથા "બાન મે" શબ્દોથી બનેલી સંખ્યાની બાબત નીચે જણાવેલી વિગત ધ્યાનમાં રાખવાની જરૂર છે. એટલે કે જ્યારે "બાન" શબ્દથી અનુક્રમ જણાવવામાં આવેછે. ત્યારે તે જેની સાથે સંબંધ ધરાવતો હોય છે, તેની પદવી, વર્ગ, વિગેરે દેખાડે છેઃ—જેમકેઃ—તાજમહાલ હોટેલ મુંબઈનું ફર્સ્ટ કલાસ હોટેલ છે=તાજમહાલ હોટેરૂ વા બામ્બેનો ઇચી બાનનો હોતેરૂ દેસ.

તેજ પ્રમાણે એટલે જ્યારે "બાન મે" શબ્દથી અનુક્રમ દેખાડવો હોય છે ત્યારે તે જેની સાથે સંબંધ ધરાવે છે તે ચીજની ગણત્રી કરવાના ઇરાદાથી વપરાય છે, જેમકેઃ—ચાર પાંચ માણસો એક સાથે ચાલ્યા જતા હોય તે વખતે કહેવું હોય કેઃ—ત્રીજો માણસ મી. મહેતા છેઃ—સામ્બાન મે નો સ્તો વા મહેતાસાં દેસુ.

ગુજરાતીમાં જ્યાં આપણે એકવાર, બેવાર અથવા એકવખત, બે વખત, તેમ વાપરીએ છીએ તેમ જાપાનીઝમાં "દો" તથા "થાબી" શબ્દો સંખ્યાને લગાડવાથી બનાવવામાં આવેછે, જેમકેઃ—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એકવાર= ઇચી-દો, સ્તોથાબી.
બેવાર= ની-દો, ફુતાથાબી.
ત્રણવાર= સાન્દો, મીથાબી.
ચારવાર= ગ્રોથાબી
પાંચવાર= ગોથાબી, ઇત્સુથાબી.

છવાર= રોકુથાબી, મુથાબી.
સાતવાર= શીચીથાબી, નાનાથાબી.
આઠવાર= હાચીથાબી, યાથાબી
નવવાર= કુથાબી, કોકોનોથાબી.
દશવાર= જુથાબી, તોથાબી.

વળી ગુજરાતીમાં જેમ આપણે બમણું, ત્રમણું, વાપરીએ છીએ તેવી રીતે જાપાનીઝ ભાષામાં સંખ્યાના આંકડાને "બાઇ" શબ્દ લગાડવામાં આવેછે, જેમકે:—બમણું=ની બાઇ, ત્રમણું=સામ્બાઇ, ચારગણું=શી બાઇ, ચો-બાઇ, વિગેરે.

નામ.

શરૂઆતમાં આ બાબત ધ્યાનમાં રાખવાની જરૂર છે જે જેવી રીતે આપણે ગુજરાતીમાં નામનો ઉપયોગ કરીએ છીએ તેવીજ રીતે જાપાનીઝ ભાષામાં તેનો ઉપયોગ થાય છે, જેમકે:— છોકરૂં છે=કોદોમો આરીમાસુ, ચોપડી છે= હોન આરીમાસુ.

તે ઉપરાંત ધ્યાનમાં રાખવાનું જે જેવીરીતે ગુજરાતીમાં "વાળો" પ્રત્યય લગાડીને નામ બનાવવામાં આવેછે તેવીરીતે જાપાનીઝમાં પણ તેવા કેટલાક પ્રત્યયો છે જેથી નામો બનાવવામાં આવેછે: જેમકે:-"યા", "જીન", "મોનો" "કોતો" "સા".

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યા—ગાડી-ગાડીવાળો;=કુરૂમા, કુરૂમાયા,
દવા=દવાવાળો, કુસુરી,=કુસુરીયા.

જીન—હિંદુસ્તાન=હીંદુસ્તાની, ઇન્ડો-ઇન્ડોજીન.

સા—"સા" પ્રત્યય વિશેષણ પરથી નામ બનાવવાના કામમાં વપરાય છે:-જેમકે:—લાંબુ=લંબાઇ, નાગાઇ=નાગાસા.

મોનો તથા કોતો-તે બાબત ધ્યાનમાં રાખવા જેવું એછે જે:—બન્નેનો અર્થ એકજ છે પણ જ્યારે ભાવ વાચક નામ બનાવવામાં "કોતો" વાપરવામાં આવછે ત્યારે સામાન્યનામમાં "મોનો" વાપરવામાં આવેછે જેમકે:—

ઓનાજી કોતો દેસુ=સરખી વાત છે, સરખુંજ છે.

ઓમોશીરોઈ મોનો દેસુ=ગમતની ચીજ છે.

જાતિ.

સીદ્ધાંતરૂપે જાપાનીઝ ભાષામાં જાતિ જેવું કશું છે નહીં. જેમકે:—ઉશી=ગાય તથા બળદ, કોદોમો=છોકરો તથા છોકરી, તોરી=મરઘો તથા મરઘી.

તોપણ ખાસ જ્યાં જ્યાં જાતિ જણાવવાની જરૂર હોય છે ત્યાં જનાવર માટે નરજાતિમાં "ઓ" અથવા "ઓન" તથા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નારીજાતિ માટે "મે" અથવા "મેન" શબ્દ નામની આગળ મુકવામાં આવેછે, જેમકે:— ઓ-ઉશી=બળદ, મે–ઉશી=ગાય, ઓન-દોરી=મરઘો, મેન–દોરી=મરઘી.

તથા કોઇ કોઇ વખતે નામની આગળ નરજાતિ દેખાડવા માટે "ઓતોકોનો" તથા નારી જાતિ દેખાડવા માટે "ઓન્નાનો" શબ્દ મુકવામાં આવેછે, જેમકે:—ઓતોકોનો-કો=છોકરો, ઓન્નાનો-કો=છોકરી.

વળી એ તો કુદરતીજ છે કે માણસ જાતના સંબંધ વાચક શબ્દોમાં જાતિ હોવીજ જોઇએ તે પ્રમાણે તેવો સંબંધ દેખાડનારાં નામોમાંજ જાતિ જોવામાં આવેછે:- જેમકે:—ચીચી=બાપ, હાહા=મા, ઓજી=કાકો, ઓબા=કાકી.

વચન.

જાપાનીઝ ભાષામાં વચન જેવું કશું નથી. પરંતુ સંબંધ ઉપરથીજ જાણી લેવું જોઇએ તેવો કાયદો છે. જેમકે:-કોદોમો ઓરીમાસુ=છોકરૂં છે અથવા છોકરાં છે.

પરંતુ જ્યારે ખાસ વચન જણાવવાની જરૂર હોય છે ત્યારે નાંમની પછવાડે "દોમો", "ગાતા", "રા", અથવા "તાચી" પ્રત્યય વાપરવામાં આવેછે. જેમકે:—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાતાશી= હું.	વાતાશી દોમો= અમે	કોદોમો= છોકરૂં, કોદોમોતાચી= છોકરાં
આનાતા= તું	આનાતાગાતા= તમે	કોદોમો= છોકરૂં, કોદોમોરા=છોકરાં.
આનોશતો= તે	આનોશતો દોમો=તેઓ	શીકવાન=અમલદાર, શીકવાનતાચી=અમલદારો
કુરૂમાયા=ગાડીવાળો	કુરૂમાયારા= ગાડીવાળા	ઓન્ના=સ્ત્રી, ઓન્નાદોમો=સ્ત્રીઓ.

તોમોદાચીનું બહુવચન થતુંજ નથી.

ક્રિયાપદ.

નામ તથા તે બાબતની જાણવાજેવી બાબતો ધ્યાનમાં આવ્યા બાદ આપણે જાપાનીઝ ભાષામાં ક્રિયાપદની બાબત લઇશું. કારણ કે નાનામાં નાના વાકયો પણ તે બન્નેની મદદ વડેજ બનાવી શકાય છે, એટલે સાથે સાથે બોલવાનો પણ પરિચય થતો જાય. દાખલા તરીકે એક ક્રિયાપદના સઘળા કાળોના રૂપો બનાવીશું જેથી શરૂઆત કરનારાઓને બીજા ક્રિયાપદનાં રૂપો બનાવવા ઠીક પડશેઃ—

ત્સુકાઉ= વાપરવું-ખરચવું.

મુળરૂપ	ત્સુકાઉ= ખરચવું	ત્સુકાવાનાઇ=ખરચવું નહીં
વર્તમાન	ત્સુકાઇમાસુ=ખરચેછે	ત્સુકાઇમાસેન=ખરચતો નથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભવિષ્ય	ત્સુકાઇમાશો=ખરચશું	ત્સુકાઇમાસુમાઇ= ખરચશે નહીં.
ભૂત	ત્સુકાઇમાસ્તા=ખરચ્યું	ત્સુકાઇમાસેન દેશીતા=ખરચ્યું નથી
સં. ભૂત	ત્સુકાઇ માસતારો= ઘણે ભાગે ખરચ્યું	ત્સુકાઇમાસેન દેશીતા= ઘણે ભાગે ખરચ્યું નથી.
વ. કૃદંત	ત્સુકાઇમાસતે=ખરચતું	ત્સુકાવાનાકુતે= ખરચતું નહીં
આજ્ઞાર્થ	ત્સુકાતે= ખરચ	ત્સુકાતે વા ઇકેનાઇ= ના ખરચ
શં.વર્તમાન	ત્સુકાતેબા=જો ખરચ	ત્સુકાવાનાકેરેબા= જો ના ખરચ.
શં. ભૂત	ત્સુકાઇમાસતારા= જો ખરચ્યું	ત્સુકાઇમાસેન દેશીતારા= જો ખરચ્યું નહીં
ફ્રીકવનટેટીવ	ત્સુકાત્તારી=કોઇ કોઇ વખત ખરચતું	ત્સુકાવાનાકાત્તારી= કોઇ કોઇ વખત ખરચતું નહીં.
ઇચ્છાર્થ	ત્સુકાઇતાઇ= ખરચવા ઇચ્છા છે.	ત્સુકાઇતાકુનાઇ= ખર્ચવા ઇચ્છા નથી.
સત્વભેદ	ત્સુકાવારેરૂ=વપરાવું	ત્સુકાવારેનાઇ=વપરાવું નહીં.
શકયાર્થ	ત્સુકાવાસેરૂ= વાપરી શકવું.	ત્સુકાવાસેનાઇ=વાપરી શકવું નહીં.

વળી જુદા જુદા કાળના તથા નકારના રૂપ બનાવતાં નીચેની બાબત ખ્યાલમાં રાખવાથી ઘણીજ ઓછી તકલીફ પડશે તેવા ઇરાદાથી એક ખરડો નીચે આપવામાં આવ્યો છે, કે જેની અંદર અસલ ધાતુના રૂપ કેવીરીતે બનાવી ફક્ત પ્રત્યયો લગાડવા તે સ્પષ્ટ કરવામાં આવ્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિયમીત.

અન્ત્યાક્ષર	વર્તમાન	ભૂત	નકાર
આઉ	આઈ	આત્તે	આવા
આરૂ	આરી	આત્તે	આરા
ઇરૂ	ઇરી	ઇત્તે	ઇરા
ઈરૂ	ઇ	ઇત્તે	ઈ
ઊ	ઊઇ	ઉત્તે	ઉવા
ઉરૂ	ઉરી	ઉત્તે	ઉરા
એરૂ	એરી	એત્તે	એરા
એંરૂ	ઇ	ઇત્તે	ઇ
ઓઉ	ઓઉ	ઓત્તે	ઓવા
ઓરૂ	ઓરી	ઓત્તે	ઓરા
કુ	કી	કીત્તે	કા
ગુ	ગી	ઇદ્દે	ગા
ત્સુ	ચી	ત્તે	તા
નુ	ની	ન્દે	ના
બુ	બી	ન્દે	બા
મુ	મી	ન્દે	મા
સુ	શી	શીતે	સા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનીયમીત.

ઈકુ	ઇકી	ઇત્તે	ઇકા
કુરૂ	કી	કીત્તે	કો
સુરૂ	શી	શીતે	શી

હવે ઉપરના ખરડા પ્રમાણે ક્રિયાપદનાં રૂપ બે રીતે બનેછે. એકતો ખુદ ક્રિયાપદનાં ઉપર પ્રમાણે બનેછે તથા બીજાં સહાયકારક ક્રિયાપદ "માસુ" ની મદદ વડે બનાવવામાં આવેછે. વળી મોટે ભાગે વપરાસમાં "માસુ"થી બનેલાં રૂપો વપરાય છે તેથી આપણે પહેલાં તેના રૂપો થોડાં બનાવીશું ત્યારબાદ તેની મદદ વગરના રૂપો પણ જોશું. (જુઓ પાનું ૨૦.)

જવું = ઈકુ

સામાન્યરૂપ-ઇકુ=જવું
વર્તમાન-ઇકીમાસુ=જાયછે
ભૂત-ઇકીમાસતા= ગયો
ભવિષ્ય-ઇકીમાશો= જશે
આજ્ઞાર્થ-ઇત્તે= જા

ખાવું = તાબેરૂ

તાબેરૂ= ખાવું
તાબેમાસુ= ખાયછે
તાબેમાસતા= ખાધું
તાબેમાશો= ખાશે
તાબેતે= ખા.

લખવું= ખાકુ

ખાકુ= લખવું
ખાકીમાસુ= લખે છે
ખાકીમાસતા= લખ્યું
ખાકીમાશો= લખશે
ખાકેતે= લખ

લાવવું= મોતેકુરૂ

મોતેકુરૂ= લાવવું
મોતેકીમાસુ= લાવું છું
મોતેકીમાસતા= લાવ્યો
મોતેકીમાશો= લાવશે
મોતેકીત્તે= લાવ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવવું = કુરૂ, ઓઇદેરૂ

ઓઇદેરૂ, કુરૂ = આવવું
ઓઇદેમાસુ, કીમાસુ = આવે છે.
ઓઇદેમાસતા, કીમાસતા = આવ્યો
ઓઇદેમાશો. કીમાશો = આવશે
ઓઇદે, કીત્તે = આવ.

વાંચવું = યોમું

યોમું = વાંચવું
યોમીમાસુ = વાંચે છે
યોમીમાસતા = વાંચ્યું
યોમીમાશો = વાંચશે
યોન્દે = વાંચ

પીવું = નોમું

નોમું = પીવું
નોમીમાસુ = પીયેછે
નોમીમાસતા = પીધું
નોમીમાશો = પીશે
નોન્દે = પી.

કરવું = સુરૂ

સુરૂ = કરવું
શીમાસુ = કરેછે
શીમાસતા = કર્યું
શીમાશો = કરશે
શીતે = કર.

મુળાક્ષરો.

નામ તથા ક્રિયાપદો જાણ્યા બાદ હવે આસ્તે આસ્તે નાનાં નાનાં વાકયો બનાવવા સગવડ પડશે એમ ધારી નાનાં નાનાં પાઠો પણ ચાલુ કરીશું.

પરંતુ તે પહેલાં જાપાનીઝ ભાષાના મુળાક્ષરો તથા વાકયોની રચનાની કેટલીક બાબત જાણવી જરૂરી છે એમ ધારી જાપાનીઝ મુળાક્ષરો તથા અંકો છાપીએ છીએઃ—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ ભાષામાં ઉપર જણાવેલા મુળાક્ષરો કહોકે સંયુક્તાક્ષરો કહો જે કહો તે તેટલા છે (સીવાય કે "હોનજી") તેમાં ૧૨ સ્વરો તથા ૧૪૦ વ્યંજનો છે એટલે જે "કાતાકાના" ના નામથી ઓળખાય છે તેના ૬ સ્વરો તથા ૭૦ વ્યંજનો છે તથા "હીરાકાના" ના નામથી કહેવાય છે તેના પણ તેટલાજ સ્વરો તથા વ્યંજનો છે.

વ્યંજનોમાં પણ બારીકાઇથી તપાસ કરતાં માલુમ પડશે કે "ગા" ના રૂપો તે "કા" ના, "ઝા" ના રૂપો તે "સા" ના, "દા" ના રૂપો તે "તા" ના, તથા "બા" ના રૂપો તે "હા" ના જ છે. તેમાં જો કાંઇ તફાવત હોય તો ઉરદુ ભાષાના નુકતા જેવા ચીન્હો જોવામાં આવશે. જેમકે " કા ની ઉપર આમ " બે ટપકાં મુકવાથી "ગા" વંચાય છે, તેમજ "હા" ની ઉપર તેમ કરવાથી "બા" વંચાય છે તથા તેના પર આમ ° મીંડું મુકવાથી "પા" વંચાય છે.

તે અક્ષરોના ઉચ્ચારો શીરીતે કરવા તે તેની બાજુમાં જે ગુજરાતી અક્ષરો આપેલા છે તે પરથી સહેજે સમજાઇ જશે.

તે ઉપરાંત જાપાનીઝ ભાષામાં ચાઇનીઝ ચીન્હો કહો, કે ચીત્રો કહો, ઘણાં વપરાય છે અને તે "હોનજી" ના નામથી જાણુવામાં આવેછે. દાખલા તરીકે સ્તો=માણસ તેનું ચીત્ર હુબહુ માણસ જેવુંજ ચીતરવામાં આવેછે ∧ ઇતર દેશ વાસીઓ માટે તે ઘણા મુશ્કેલ છે તેથી કાતાકાના તથા હીરાકાના આપીનેજ સંતોષ પકડવામાં આવ્યો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરાતી	કાતાકાના	હીરાકાના	ગુજરાતી	કાતાકાના	હીરાકાના	ગુજરાતી	કાતાકાના	હીરાકાના	ગુજરાતી	કાતાકાના	હીરાકાના	ગુજરાતી	કાતાકાના	હીરાકાના	ગુજરાતી	કાતાકાના	હીરાકાના	સંખ્યા	ઉચ્ચાર	લેખન	સંખ્યા	ઉચ્ચાર	લેખન
આ.	ア	あ	ગે	ゲ	げ	ચી	チ	ち	નો	ノ	の	પી	ピ	ぴ	યો	ヨ	よ	૨	ની	二	૬૦	રોકુજુ	六十
ઈ.	イ	い	ગો	ゴ	ご	ત્સુ	ツ	つ	ઉં	ン	ん	પુ	プ	ぷ	રા	ラ	ら	૩	સાન	三	૭૦	શીચીજુ	七十
ઉ.	ウ	う	સા	サ	さ	તે	テ	て	હા	ハ	は	પે	ペ	ぺ	રી	リ	り	૪	શી	四	૮૦	હાચીજુ	八十
એ	エ	え	શી	シ	し	તો	ト	と	હી	ヒ	ひ	પો	ポ	ぽ	રૂ	ル	る	૫	ગો	五	૯૦	કુજુ	九十
ઓ	オ	お	સુ	ス	す	દા	ダ	だ	ફુ	フ	ふ	મા	マ	ま	રે	レ	れ	૬	રોકુ	六	૧૦૦	હ્યાકુ	百
કા	カ	か	સે	セ	せ	જી	ヂ	ぢ	હે	ヘ	へ	મી	ミ	み	રો	ロ	ろ	૭	શીચી	七	૨૦૦	નીહ્યાકુ	二百
કી	キ	き	સો	ソ	そ	દ્ઝુ	ヅ	づ	હો	ホ	ほ	મુ	ム	む	વા	ワ	わ	૮	હાચી	八	૧૦૦૦	સેન	千
કુ	ク	く	ઝા	ザ	ざ	દે	デ	で	બા	バ	ば	મે	メ	め	વી	ヰ	ゐ	૯	કુ	九	૧/૪	શી બુન નો ઈચી	四分ノ一
કે	ケ	け	જી	ジ	じ	દો	ド	ど	બી	ビ	び	મો	モ	も	વુ	ウ	う	૧૦	જુ	十			
કો	コ	こ	ઝુ	ズ	ず	ના	ナ	な	બુ	ブ	ぶ	યા	ヤ	や	વે	ヱ	ゑ	૨૦	નીજુ	二十	૧/૨	હામ બુન	二分ノ一
ગા	ガ	が	ઝે	ゼ	ぜ	ની	ニ	に	બે	ベ	べ	ચી	イ	い	વો	ヲ	を	૩૦	સાનજુ	三十			
ગી	ギ	ぎ	ઝો	ゾ	ぞ	નુ	ヌ	ぬ	બો	ボ	ぼ	યુ	ユ	ゆ	સંખ્યા	ઉચ્ચાર	લેખન	૪૦	શીજુ	四十	૩/૪	શી બુન નો સાન	四分ノ三
ગુ	グ	ぐ	તા	タ	た	ને	ネ	ね	પા	パ	ぱ	યે	エ	え	૧	ઈચી	一	૫૦	ગોજુ	五十			

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાપાનીઝ તે એશીઆટીક ભાષા હોવાથી ભુમીના બીજા ભાગના વતનીઓ કરતાં એશીઆ વાસીઓ ઘણીજ સહેલાઇથી શીખી શકે છે, તેમજ તેના ઉચ્ચારો પણ ઘણીજ સરળતાથી કરી શકે છે, અને ધ્યાનમાં રાખી જે પ્રમાણે તે લોકો બોલે તેજ પ્રમાણે પણ બોલવાવાળા એશીઆટીકો મળે છે. મતલબ જે આપણને જાપાનીઝજ સમજે તેવી સરસરીતે આપણે એશીઆટીકો આ ભાષા બોલી શકીએ છીએ.

જોકે ઉચ્ચારની બાબતમાં તે લોકોના બોલવા ઉપર ધ્યાન રાખવાથી જેટલું શીખાય છે તેટલું ચોપડીઓ વાંચવાથી શીખી શકાતું નથી અને તે કુદરતીજ હોવું જોઇએ, માટે શરૂઆત કરનારાઓએ તેમના ઉચ્ચાર ઉપર સારી પેઠે ધ્યાન રાખતાં શીખવું જોઇએ.

વાકય રચના.

વળી એશીઆટીકોને મોટી સગવડતા ભરેલી વાત એ છે જે, જાપાનીઝ ભાષાની વાકયની રચના આપણી ભાષાની માફકજ છે. જેમકે ગુજરાતીમાં વિષેશણ નામની પહેલાં આવેછે. ક્રિયા વિષેશણ, ક્રિયાપદની પહેલાં આવેછે કર્મ પણ ક્રિયાપદની પહેલાં મુકાય છે અને ક્રિયાપદ સર્વની છેલ્લે આવેછે એટલે વિષેશણ, કર્તા, કર્મનું વિષેશણ, કર્મ, ક્રિયા-વિષેશણ તથા ક્રિયાપદ, તેજ પ્રમાણે જાપાનીઝમાં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વળી આપણે જોઇ ગયા છીએ કે જાપાનીઝ નામોને જાતિ તથા વચન નથી તેજ પ્રમાણે વિષેશણો બાબત સમજવું અને તેને લીધે વિષેશણોના રૂપમાં ફેરફાર થતો નથી તેમજ કર્તા ગમે તે જાતિ, અથવા વચનમાં હોય તો પણ ક્રિયાપદમાં ફેરફાર થતો નથી.

પાઠ ૧ લો.

કોદોમો– છોકરૂં	વાતાશી– હું	જવું– ઇકુ, માયરૂ
હોન– ચોપડી	આનાતા– તું	ખાવું– તાબેરૂ
મીઝુ– પાણી	આનોશતો– તે	લખવું– ખાકુ
ઓકાશી– મીઠાઇ	ચીસાઇ– નાનું	પીવું– નોમું.

વા–કર્તાને લગાડવાનો પ્રત્યય છે. વો–કર્મને લગાડવાનો પ્રત્યય છે.

કોદોમો વા ઇકીમાસુ– છોકરૂં જાય છે.
વાતાશી વા મીઝુ વો નોમીમાસુ– હું પાણી પાઉં છું.
આનાતા વા ઓકાશી તાબેમાસુ– તું મીઠાઇ ખાય છે.
કોદોમો વા ઓકાશી તાબેમાસુ– છોકરૂં મીઠાઇ ખાય છે.
કોદોમો વા હોન મોત્તેકીમાસુ– છોકરૂં ચોપડી લાવે છે.
કોદોમો વા હોન ખાકીમાસુ– છોકરૂં ચોપડી લખે છે.
ચીસાઇ કોદોમો વા મીઝુ નોમીમાસુ– નાનું છોકરૂં પાણી પીયે છે.
ચીસાઇ કોદોમો વા ચીસાઇ હોન ખાકીમાસુ– નાનું છોકરૂં નાની ચોપડી લખે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાતાશી ઇકીમાસુ– હું જાઉ છું.
આનાતા વા ખાકીમાસુ– તું લખે છે.
આનાતા વા હોન ખાકીમાસુ– તું ચોપડી લખે છે.

પાઠ ૨ જો.

કુરૂમા– હાથગાડી	કુસુરી– દવા	લાવવું– મોત્તેકુરૂ
કુરૂમાયા– હાથગાડીવાળો	કુસુરીયા– દવાવાળો	આવવું– કુરૂ
કુરોઇ– કાળું	દેસુ– છે	થકાઇ– મોંઘું, ઉંચું
કોનો– આ	કા– કે (પ્રશ્નાર્થ)	યાસુઇ–સોંઘુ, સહેલું
કુદાસાઇ– મહેરબાની કરીને	સોનો– તે	આનો–તે (દુર હોય તે)

કોનો કુરૂમાયા વા થકાઇ– આ કુરૂમાવાળો મોંઘો છે.
આનો ચીસાઇ કુસુરીયા વા યાસુઇ– તે નાનો દવાવાળો સોંઘો છે.
કુરૂમા વા કીમાસતા– ગાડી આવી.
આનોશતો વા કુસુરી મોત્તેકીમાસુકા?– તે દવા લાવે છે કે?
હાય, મોત્તેકીમાસુ–હા, તે લાવે છે.
કુરૂમાયા, સોનો કુસુરી વો મોત્તેકીમાસતાકા?– કુરૂમાવાળો, પેલી દવા લઇ આવ્યો કે?
કુસુરી વા કુરોઇ દેસુ– દવા કાળી છે.
આનો કુરોઇ કુસુરી મોતેકીત્તે કુદાસાઇ– પેલી કાળી દવા લઇ આવો.
આનોશતો વા કુરોઇ કુસુરી નોમીમાસુ– તે કાળી દવા પીએ છે.
સા, કોરે વા કુરૂમાચીન દેસુ–લ્યો, આ કુરૂમાનું ભાડું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સર્વનામ.

સાધારણ રીતે જાપાનીઝ ભાષામાં સર્વનામનો બહુ ઉપયોગ કરવામાં આવતો નથી એટલે જ્યારે તે વાપર્યા વગર ચાલે નહીં ત્યારેજ બનતાં સુધી ઉપયોગ કરવામાં આવેછે. જ્યારે ગુજરાતીમાં પણ તેમજ થાય છેઃ- જેમકે:-જવું હોયતો જા=તારે જવું હોયતો જા, જવા વગર ચાલશે નહીં. આ બે વાકયોમાં તારે, મને, તને, અથવા તેને, તેમાંથી કયું બતાવવાની બોલનારની ઇચ્છા છે તે સંબંધ ઉપરથી સમજી લેવામાં આવેછેઃ—

હું= વાતાકુશી, વાતાશી, વાશી, આતાશી (સ્ત્રીઓ વાપરેછે) બોકુ (પુરૂષો વાપરેછે). તેમાય (ગુજરાતીમાં "સેવક" ને મળતું છે.)

અમે= વાતાકુશી--દોમો, વાતાશી--દોમો

તું= આનાતા, કીમી (તે બોકુને મળતું છે) ઓમાએ (સ્ત્રી તથા મીત્રો વાપરે છે)

તમે= આનાતા-ગાતા, ઓમાએ તાચી

તે= આનોશતો, આરે, આનો-ખાતા

તે= આરે, સોરે, (જીવ વગરતી ચીજને માટે વપરાયછે, બહુ વચન થતું નથી)

તેઓ- આનોશતો-તાચી

મને– વાતાકુશીની, વાતાકુશીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારૂં- વાતાકુશીનો, વાતાશીનો
અમને- વાતાકુશી-દોમોની, વાતાશી--દોમોને
અમારૂં- વાત્તાકુશી-દોમોનો, વાતાશી-દોમોનો
તને- આનાતાની
તમને- આનાતા-દોમોની
તારૂં- આનાતાનો
તમારૂં- આનાતા-ગાતાનો
તેને- આનોશતોની
તેઓને- આનોશતા-દોમોની
તેનું- આનોશતોનો
તેઓનું- આનોશતો દોમોનો
આમાણસ- કોનો સ્તો. (નર) કોનો ઓન્ના (નારી)
આ- કોરે (નામ) કોનો (વિ) કોન્ના (જાત)
તે- સોરે સોનો સોન્ના
તે- આરે આનો આન્ના
જે- દોરે દોનો દોન્ના
કોણ- દારે, દોનાતા (નમ્ર)
કેમ- દો
કયાં- દોકો
કયારે, જ્યારે- ઇત્સુ
કેટલાં- ઇકુરા (કીંમત) ઇકુત્સુ (ગણત્રી)
શું- નાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૩ જો.

ઇશ્યોની= સાથે	ઓકુરે= મેહરબાની	રૂસુ= ગેરહાજરી
શામ્પો= ફરવું (નામ)	કરીને	ખાયરૂ= પાછાં આવવું
તો= અને	દોદેસુકા= કેમ છો ?	યુ= કહેવું
દેકીરૂ= બોલવું,	ઇરેરૂ= નાંખવું	હો= બાજુ
શકવું, જાણવું	ઇકાગા= કેમ	બોકુ= હું

દોનાતા દેસુકા ?= કોણ છે ? નાની દેસુ કા ?= શું છે ?

આનાતા વા દોકો ઇકીમાસુકા ?= તું ક્યાં જાય છે ?

કોનો હોન વા ઇકુરા દેસુકા ?= આ ચોપડીની કીંમત શું છે ?

કીમી વા ઇકુત્સુ દેસુકા ?= તમારી ઉમર શું છે ?

બોકુ વા સાન્જુ સાન દેસુ= હું ૩૩ વર્ષનો છું.

ઓમાએ વા સોનો હોન વો મોતેકીત્તે કુદાસાઇ = તું તે ચોપડી લઇ આવ.

વાતાશી તો આનાતાગાતા તો ઇશ્યોની શામ્પોની ઇકીમાંશોકા? = હું તથા તમો સાથે ફરવા જશું કે?

કોનો હોન વો મોતેકીત્તે કુદાસાઇ= મહેરબાની કરી આ ચોપડી લાવો

દોરે, સોરે દેસુકા, આરે દેસુકા ?= કઇ, તે કે પેલી ?

કીમી વા નીહોન્ગો ગા દેકીમાસુકા ?= તમે જાપાનીઝ ભાષા બોલો છો કે ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૪ થો.

ઉચી= ઘર, હુ'	આમાસાં=કામકરનારી	દોઝો= લ્યો
ઑચ્ચાં= નાનો છોકરો	ઑચા= ચા	સાતો= ખાંડ
સુકી= પસંદ	ઇપ્પાઇ= એક કપ	ગુરાઇ= આશરે
ઇયે= ના	હાય= હા	ઇરૂ= જરૂરત હોવી

કોરેવા ઉચીનો ઑચ્ચાં ગા સુકીનો-તોરી દારોકા= આ મારા છોકરાને પસંદ છે તે મરઘી નથી ?

ઇયે સોરેજા આરીમાસેન= ના, તે નથી.

આમાસાં, ઑચા ઇપ્પાઇ મોત્તિકીત્તે કુદાસાઇ= આમાસાં, મહેરબાની કરી ચા એક કપ લાવો

હાય, દોઝો, સાતો વા દોનો ગુરાઇ ઇરીમાસુકા ?= હા, લ્યો. ખાંડ કેટલી જોઇશે ?

નીમાઇ ઇરેતે કુદાસાઇ= મહેરબાની કરી બે ટીકડી નાંખો.

આનાતા વા ઇકાગા દેસુકા ?= તમે કેમ છો ?

કોનો મોનો વા વાતાશીનો દેસુ= આ ચીજ મારી છે.

કોકો કારા સોરે માદે ખાઇતે ઑકુરે= અહીંથી ત્યાંસુધી લખો.

રૂસુની દારેકા કીતારા તોકાની ખાયરૂતો યુતે કુદાસાઇ= મારી ગેરહાજરીમાં કોઇ આવે તો ૧૦ મી તારીખે આવશે તેમ કહેશો.

દારેકા કીમાશતાકા ?= કોઇ આવ્યું હતું કે ?

કોનો હોની ઇકીમાશો= આ બાજુ જઇએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"માસુ" ની મદદ વગરનાં કેટલાંક ક્રિયાપદના રૂપો.

આવવું—કુરૂ.

આવવું– કુરૂ	આવતો નથી– કોનાઇ
આવ્યો– કિત્તા	આવ્યો નહીં– કોનાકાત્તા
આવશે– કુરૂ	આવશે નહીં– કોનુ
આવ્યો છે– કીત્તા	આવ્યો નથી– કોનાનદા
જો આવે તો– કુરેબા	જો નહીં આવે તો– કોનાકેરેબા
જો આવ્યા તો– કીત્તારા	જો ન આવ્યો તો– કોનાનદારા
આવવા ઇચ્છુ છું– કીતાઇ	આવવા ઇચ્છતો નથી– કીતાકુનાઇ
આવીને– કીત્તે	ન આવીને– કોનાકુત્તે
આવ– કોઇ	આવ નહીં– કોનાઇ
અવાવવું– કોસાએરૂ	અવાવવું નહીં– કોસાએરાનાઇ

કરવું—સુરૂ.

કરે છે– સુરૂ	કરતો નથી– શીનાઇ
કર્યું– શીત્તા	કર્યું નથી– શીનાકાતા
કરશે– સુરૂ	કરશે નહીં– સેનુ
કર્યું છે– શીત્તા	કર્યું નથી– સેનાનદા.
જો કરે તો– સુરેબા	જો ન કરે તો– શીનાકેરેબા
જો કર્યું તો– શીત્તારા	જો ન કર્યું તો– સેનાનદારા
કરવા ઇચ્છુ છું– શીતાઇ	કરવા ઇચ્છતો નથી– શીતાકુનાઇ
કરીને– શીત્તે	ન કરીને– શીનાકુત્તે
કર– શીરો	ન કર– શીરાનાઇ
કરાવવું– સાસેરૂ	કરાવવું નહીં– સાસારાનાઇ

Gurukul Kangri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાઓસુ=સસુ કરવું, ખાત્સુ=છીલવું, મોત્સુ-ઉપાડવું.

સામાન્ય રૂપ	નાઓસુ	ખાત્સુ	મોત્સુ
વર્તમાન કાળ	નાઓસુ	ખાત્સુ	મોત્સુ
ભૂતકાળ	નાઓસ્તા	ખાત્તા	મોત્તા
સં. ભૂતકાળ	નાઓસ્તારા	ખાત્તારા	મોત્તારા
આજ્ઞાર્થ કાળ	નાઓસ્તે	ખાત્તે	મોત્તે

ક્રિયાપદ—આરૂ,-ગોઝારૂ*=હોવું.

હોવું= આરૂ	નહોવું= નાઇ
છે= આરૂ, આરીમાસુ	નથી= નાઇ, આરીમાશેન
હશે= આરીમાશો, આરૂદેશો, આરો	હશે નહીં=આરૂમાઇ,આરૂમાસુમાઇ, નાઇદેશો.
હતો= આત્તા, આરીમાસતા	નહોતો=નાકાત્તા,આરીમાસેનદેશીતા
જોહતું= આત્તારો, આત્તાદેશો	જો નહોતું=નાકાત્તારો,નાકાત્તા દેશો
હતું= આત્તે, આરીમાશતે	નહતું= નાકુત્તે, નાઇદે
જો હોય= આરેબા	જો ન હોય= નાકારેબા
જો હોતે= આત્તારા	જો ન હોતે= નાકાત્તારા

* ક્રિયાપદ "ગોઝારૂ" તે ઘણુંજ સભ્યતા ભરેલું છે અને સહાયકારક "માસુ"થીજ તેના રૂપેઃ બનાવવામાં આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દ્દેઆરૂ=હોવું.

દ્દેઆરૂ

દ્દેઆરૂ= દા

દ્દેઆરીમાસુ= દ્દેસુ

દ્દેઆરો= દારો

દ્દેઆરીમાશો= દ્દેશો

દ્દેઆત્તા= દાત્તા

દ્દેઆરીમાસ્તા= દ્દેશીતા

દ્દેઆત્તારો= દાત્તારો

દ્દેઆત્તે= દ્દે

દ્દેઆત્તારા= દાત્તારા

દ્દેવાનાઇ

દ્દેવાનાઇ

દ્દેવાઆરીમાસેન

દ્દેવાઆરૂમાઇ, દ્દેવાઆરીમાસુમાઇ

દ્દેવાનાઇદ્દેશો

દ્દેવાનાકાત્તા

દ્દેવાઆરીમાસેનદ્દેશીતા

દ્દેવાનાકાત્તારો, દ્દેવાનાકાત્તાદ્દેશો

દ્દેનાકુત્તે, દ્દેનાકુ

દ્દેનાકાત્તારા

ઓમોઉ= ધારવું.

ઓમોઉ= ધારવું

ઓમોઇમાસુ= ધારે છે

આમોઇમાસતા= ધાર્યું

આમોઇમાશો= ધારશે

ઓમોત્તે= ધાર

મોરાઉ=મેળવવું,ઇચ્છા હોવી.

મોરાઉ= ઇચ્છા હોવી

મોરાઇમાસુ= ઇચ્છા છે.

મોરાઇમાસતા= ઇચ્છા હતી

મોરાઇમાશો= ઇચ્છા હશે

મોરાત્તે= ઇચ્છા કર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૫ મો.

નાશી= પેર	ખાસા=જાપાનીઝ છત્રી	થાકસાં= ઘણું
ઓઇશી= સ્વાદિષ્ટ	ચોરોશી= બરાબર	તેગામી= પત્ર, કાગળ
ચોમેન= નોટબુક	શીંગોતો= કામ	ઓકયાકુ= મહેમાન, ઘરાક
કોમોરી=ચામાચીડીઉં	કુની= સ્વદેશ	ખાઉ= ખરીદવું
કોમોરીગાસા= છત્રી	હાહા=મા	ખાસુ= ઉછીતું આપવું
ખાન્જો= હિસાબ	સામુઇ= થંડી	

નાશીનો ઓઇશીનો ગા આરીમાસુકા ?= તમારી પાસે સ્વાદિષ્ટ પેર છે કે ?

કોરે વા ચોમેન દેઆરીમાસુ= આ નોટબુક છે.

કોરે વા કોમેરીગાસા દેનાઇ દેસુ= આ છત્રી નથી.

સોરે વા યાસુ ગોઝાઇમાસુ= તે સસ્તું છે.

સોરે વા ચોરોશીઉ ગોઝાઇમાસુકા ?= તે બરાબર છે કે ?

વાતાશી વા કોનો શીંગોતો વો શીતે મોરાઇ તાકુ આરીમાસેન = મારે આ કામ કરાવવાની ઇચ્છા નથી.

વાતાશી વા કુનીનો હાહાની નાગાઇ તેગામી વો ખાઇતે ઓરીમાસુ= હું દેશમાં માને લાંબો કાગળ લખું છું.

ઓકીઆકુસાં વા થાકસાં ઓરૂકા ?= મહેમાન ઘણાં છે કે ?

ખાન્જોની માચીંગાઇ ગા આરૂ= હીશાબમાં ભુલ છે.

કોરેવા ખાકી માચીંગાઇ દે ગોઝાઇમાસુ= આ લખવામાં ભુલ છે.

વાતાશીવા આનાતાની કોરેવો શીતે મોરાઇતાઇ દેસુ }= મારી ઇચ્છા તમારી પાસે આ કરાવવાની છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૬ ઠો.

હોએ= બધે	કોનાઇદા= અગાઉ	આત્સુઇ= ગરમ
વાનસારા= કપાસર	આમોઇ= વાદળી	ઓકી= મોટું
એ= ચિત્ર	ઇરો=રંગ	નીહોન= જાપાન
યોબુ= બોલાવવું	શીઝેન= કુદરત	ગો= ભાષા

મહેતાસાં, કોનાઇદા ખાત્તાનો હોન વો ખાસ્તે કુદાસાઇ= મી. મહેતા, તમોએ અગાઉ ખરીદેલી ચોપડી મહેરબાની કરી ઉછીની આપો.

દોનાતાકા, નીહોન્ગોનો દેકીરૂ સ્તોની યોન્દે મોરાઇતાઇ દેસુ= કોઇ જાપાનીઝ ભાષા જાણવાવાળા માણસને બોલાવવાની ઇચ્છા છે.

"કી" તાયુ એ વો ખાઇતા વાનસારાવો ખાઉ તો ઓમોત્તે, હોએ કીકીમાસતા ગા, દોકોનીમો નાકાત્તા	=	કી (ચાવી) ડીઝાઇનના કપાસર ખરીદવા ધારીને, બધે પુછયું પણ કયાંઇ નહોતા.

નીહોન દે કોનોમોનો વો દેકીનાઇ દેસુ= જાપાનમાં આવી ચીજ બનતી નથી.

કેદોમો દેકાકેરબા મોત્તો તાકુ દેસુ= પણ બનાવેતો ઘણો ફાયદો થાય.

આમાસાં કુરૂમાયા વો યોન્દે કુરે= આમાસાં, કુરૂમાવાળાને બોલાવો.

સ્તો ગા ઇરોઇરો ના એ વો ખાકીમાસુ= માણસો જાત જાતના ચીત્રો કાઢી શકે છે.

કેદોમો શીઝેનનો એ તો કુરાબેમોનોની નારાનાઇ= પરંતુ કુદરતી ચિત્રોની સરખામણીમાં ઉતરી શકે નહી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિભક્તિ.

ગુજરાતીમાં જેવી રીતે નામને વિભક્તિ લગાડવામાં આવે છે તેવીજ રીતે જાપાનીઝમાં પણ લગાડવામાં આવે છે એટલુંજ નહીં પરતું તેમાં કેટલુંક મળતાપણું પણ છે. જે નીચે લખ્યા પરથી જણાશે:—

૧ લી	વિભકિત	કોદોમો-વા (ગા)	છોકરૂં (કર્તા તરીકે)
૨ જી	,,	કોદોમો-વો	છોકરૂં (કર્મ તરીકે)
૩ જી	,,	કોદોમો-દે	છોકરાંથી, થકી, વડે
૪ થી	,,	કોદોમા-ની, કોદોમો-એ	છોકરાંને
૫ મી	,,	કોદોમો-કારા	છોકરાંથી, પાસેથી
૬ ઠી	,,	કોદેમો-નો	છોકરાંનો, ની, નું, નાં
૭ મી	,,	કોદોમો-ની	છોકરાંમાં

વિશેષણ.

જાપાનીઝ ભાષામાં વિશેષણને જાતિ તથા વચન હોતાં નથી તેથી ગુજરાતી વિશેષણોમાં જે જે ફેરફારો થાય છે તે પ્રમાણે જાપાનીઝ વિશેષણોમાં થતાં નથી. જેમકે:— કાળો ડગલો= કુરોઇ ઉવાગી, કાળી લાકડી= કુરોઇ સુતેકી, કાળું કપડું= કુરોઈ કીરે.

જાપાનીઝમાં વિશેષણ ઉપરથી નામ બનાવવા માટે "મોનો" શબ્દનું ટુંકું રૂપ "નો" પ્રત્યય લગાડવામાં આવે છે જેમકે:— યાસુઇનો= સસ્તીચીજ, થકાઇનો= મોંઘી ચીજ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અસલ જાપાનીઝ વિશેષણોને છેડે આઇ, ઇ, ઓઈ, ઉઇ, હોય છે અને આ તેના અંત્યાક્ષરોમાં તેના વપરાશના પ્રમાણમાં ફેરફાર થાય છે જેમકે:—

આ મોઘું છે= કોરેવા થકાઇ દેસુ, કોરેવા થકાકુ આરીમાસુ, કોરેવા થકો ગોઝાઇમાસુ.

વળી તેવાં વિશેષણોનો અંત્યાક્ષર "ઇ" ઉડાડી દેવાથી નામ થાય છે. જેમકે:—થકાઇ= થકા, યાસુઇ= યાસુ.

ઉપરાંત આ વિશેષણોની અંદર "હોવાનો" ભાવ હમેશાં રહે છે એટલે ક્રિયાપદ તરીકે વાપરી શકાય છે. જેમકે:—

કોનો ચીસાઇ મિસે વા થકાઇ= આ નાની દુકાન મોંઘી છે.

મતલબ જે તેનાં ક્રિયાપદની માફક રૂપ પણ બનાવી શકાય છે.

હજુ વધારે આ વિશેષણોની બાબત જાણવા જેવું એ છે જે તેઓનો ઉપયોગ આશ્ચર્યાર્થ રૂપમાં પણ થાય છે, જેમકે:— આબુનાઇ= સંભાળો! ઉરેશી= ખુશાલી!

નામને છેડે "ના" અથવા "નો" પ્રત્યય લગાડવાથી વિશેષણ બને છે જેમકે:— કીરેઇના હાના= સુંદર ફુલ, કીનનો તોકે= સોનાનું ઘડીઆળ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરતુ તે બાબતતાં વિશેષ ધ્યાનમાં રાખવાનું એ છે જે જ્યારે શારીરીક તથા માનસીક બાબતોને લગતાં નામપરથી વિશેષણ બનાવવાં હોય છે ત્યારે "ના" પ્રત્યય લગાડવામાં આવે છે જેમકેઃ— રીકોના કોદોમો=હુશીઆર છોકરો.

પણ જ્યારે પદવી, સ્થિતિ, દીશા, વર્ગ વિગેરે, દેખાડવાનાં હોય છે. ત્યારે "નો" પ્રત્યય લગાડવામાં આવે છે. જેમકેઃ—કોરેવા ઇત્તોનો શાશીન દેસુ=આ પહેલા વર્ગની (ઘણીજ સારી) છબી છે.

વળી નામને "રાશી" પ્રત્યય લગાડીને પણ વિશેષણો બનાવવામાં આવે છે પણ તેનો અર્થ "જેવું" થાય છે તે ધ્યાનમાં રાખવું જોઇએ. જેમકેઃ— કોદોમોરાશી=છોકરાં જેવું (છોકરમત).

જ્યારે વાકયમાં ચીજોની સરખામણી કરવી હોય છે ત્યારે જાપાનીઝમાં તે વખતે હો, યોરી, મોત્તો, મો, માદા, શબ્દો વાપરી તે દેખાડવામાં આવે છે. જેમકેઃ—

કોનો હોગા યાસુઇ=આ સસ્તું છે (પેલા કરતાં)

પુજીસાં યોરી હીમાલયસાં ગા થકાઇ= પુજી પર્વત કરતાં હીમાલય પર્વત ઉંચો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોત્તો મીઝુગા ઇરીમાસુ=વધારે પાણી જોઇએ છીએ.

મીઝુગા મો ઇપ્પાઇ ઇરીમાસુ= પાણીનો હજુ એક વધારે પ્યાલો જોઇએ છીએ.

મીઝુ વા માદા આરીમાસુકા?= વધારે પાણી છે કે?

જ્યારે વાકયમાં શ્રેષ્ટતા બતાવવી હોય ત્યારે, ચોઇ, ઇચીબાન, ઇચી, ઉચી, તાઇહેન, નાકાનાકા, તેવા શબ્દોથી બતાવવામાં આવે છે. જેમકેઃ—

કોરેગા ઈ= આ સરસ છે,

બોમ્બેની વા નાન તો ચુ રીઓરીઆ વા ઈચીબાન ચો ગોઝાઈમાસુકા?= બોમ્બેમાં કઇ હોટલ સૌથી સરસ છે.

સેકાઈ ઇચીનો યામા= દુનીયામાં સૌથી મ્હોટો પહાડ.

કોનો ઉચી દે મો ઓમોશીરોઇ હોન= આમાં સૌથી દીલપસંદ બુક.

તાઇહેન યાસુઇ= એકદમ સસ્તું.

નાકા નાકા મુઝકાશી= ઘણુંજ મુશ્કેલ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૭ મો.

સુકુનાઇ=કમતી, ઓછું	કે(રે)દોમો= પરંતુ, પણ	યાસાઇ= શાક
માયે= પહેલાં	જુ= માં	આકાઇ= લાલ
ઇમા= હાલમાં	વાકાનેંગી=લીલીડુંગળી	કી= પીળો
	રીઓરીઆ= હોટેલ	

ઓકી મીસેવા યાસુકુ આરીમાસેન= મોટી દુકાન સસ્તી હોતી નથી.

ઇન્ડો ગા સેકાઇજુ ઇચીબાન ફુરુઇ કુની દેસુ= હીંદુસ્તાન દુનીયામાં સૌથી જુનો દેશ છે.

નીહોનની થકાઇ ઉચી વા સુકુનાઇ દેસુ=જાપાનમાં ઉચાં ઘરો કમતી છે.

ઇયે, સો જા નાઇ દેસુ= ના તેમ નથી.

માયે સુકુનાઇ દેશીતા કેદોમો ઇમાવા થાંકસાં દેકીતાનો દેસુ= પહેલાં કમતી હતાં પરંતુ હાલમાં ઘણાં થએલાં છે.

સોન્ના કીતાનાઇ મોનો વો દેન્શાદે મોત્તે ઇકાનાઇ દેસુ=એવી ગંદી ચીજ ટ્રામમાં લાવવી નહી જોઇએ.

આત્સુકુત્તે શેં ગા નાઇ= એટલી ગરમી છે કે શું કરવું તે સુઝતું નથી.

વાકાઇ નેંગી (વાકાનેંગી) ઈ યાસાઇ દા= કુમળા કાંદા સારૂં શાક છે.

આકાઇ, કી, તો આઓઇ ઇરોવા શીઝેનનો ઇરો દેસુ= લાલ, પીળો, તથા વાદળી એ કુદરતી રંગો છે

હોકાનો ઇરો વા માઝેમોનો દેસુ= બીજા રંગો મિશ્રણ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૮ મો.

વારૂઇ= ખરાબ	સાકુ= ખીલવું	ચોત્તો= જરા
ઓજીસાં= બુઢો, કાકો	ઉત્સુકુશી= સુંદર	મીસેરૂ= દેખાડવું
હાય= રાખ	કીમોનો=જાપાનીઝડ્રેસ	હીરોઇ= પહોળું
માકુ= પાથરવું	ઉરૂ= વેચવું	આઉ= બંધ બેસતું,
ફુરૂઇ= જુનું	દેન્શા= ટ્રામ	હનાશી= વાર્તા

આનાતા વા નીહોનનો યોઇ ઓજીસાં તો વારૂઇ ઓજીસાં નો ઓમોશીરોઇ હનાશીવો યોમુકોતો આરીમાસેન કા? = તમોએ જાપાનની ભલા બુઢા તથા ખરાબ બુઢાની વાર્તા વાંચી નથી શું ?

હાય વો માકુ તો હાના વો સાકુનો ઓમોશીરોઇ ઇ હનાશી= રાખ પાથરીએ તો ફુલ ખીલે તેવી રસદાર સારી વાર્તા !

કોરેવા ઉત્સુકુશી હાના દેગોઝાઇમાસુ= આ સુંદર ફુલ છે.

આનાતાનો મીસેની કીમોનો વો ઉત્તેમાસુકા ?= તમારી દુકાને કીમોનો વેચોછો કે ?

હે, ઉત્તેમાસુ= હા, વેચીએ છીએ.

ચોત્તો મીસેતે કુદાસાઇ= જરા મહેરબાની કરી દેખાડશો.

કોરેવા મીજીકાઇ દેસુ, આરેવા હીરોઇ દેસુ= આ ટુંકોછે, પેલો પહોળો છે.

વાતાશીની આઉનોવા આરીમાસેનકા ?= મને બરાબર થાય તેવો નથી કે ?

નીહોનજીનવા આમાઇમોનો વો તાઇહેન સુકીદેસુ= જાપાનીઝ લોકોને મીઠી ચીજો બહુ ભાવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાળક્રમ.

ગુજરાતી દેશી તારીખ જેવીરીતે લખવામાં આવેછે તેવીજરીતે જાપાનીઝમાં કાળની ગણત્રી કરવામાં આવેછે જેમકે:— સંવત ૧૯૭૨ ના કારતક વદ બીજ તે પ્રમાણે જાપાનીઝમાં, થાઇશો રોકુનેન શીચીગાત્સુ નીજુરોકુ નીચી= થાઇ સોના છઠા વરસના સાતમા મહીનાની તારીખ ૨૬ મી. (તારીખ ૨૬ મી જુલાઇ ૧૯૧૭.)

દિવસ.

આજે= કયો, કોનનીચી
આવતીકાલે= આસ્તા, મીઓનીચી
આવતી પરમ દિવસે= આસત્તે, મીઓગોનીચી
આજે સવારે= કેસા
આવતી કાલે સવારે= મીઓઆસા
એકાંતરાં= ખાકુજીત્સુ
અઠવાડીઉં= ઇશ્યુ
પખવાડીઉં= નીશ્યુ
ગઇ કાલે= કીનો, સાકુજીત્સુ
ગઇ પરમ દિવસે= ઓતોતોઇ, ઇસ્સાકુજીત્સુ
આવતી કાલે રાત્રે= મીઓ બાન
આજ રાત્રે= કોમ્બાન
ગઇ રાત્રે= સાકુબાન
વીશ દિવસ= નીજુનીચી, હાચકા
દરરોજ= માયનીચી
બપોર પછી= હીરૂકારા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તારીખ.

પહેલી તારીખ = ત્સુઇતાચી	સત્તરમી તારીખ= જુશીચીનીચી
બીજી ,, = ફુચકા	અઢારમી ,, = જુહાચીનીચી
ત્રીજી ,, = મીકકા	ઓગણીસમી ,, = જુકુનીચી
ચોથી ,, = યોકકા	વીસમી ,, = હાચકા
પાંચમી ,, = ઇચકા	એકવીસમી ,, = નીજુઇચીનીચી
છઠી ,, = મુઇકા	બાવીસમી ,, = નીજુનીનીચી
સાતમી ,, = નાનુકા	ત્રેવીસમી ,, = નીજુસાન્નીચી
આઠમી ,, = યોકા	ચોવીસમી ,, = નીજુયોકકા
નવમી ,, = કોકોનોકા	પચ્ચીસમી ,, = નીજુગોનીચી
દશમી ,, = તોકા	છવીસમી ,, = નીજુરોકુનીચી
અગ્યારમી ,, = જુઇચીનીચી	સત્તાવીસમી ,, = નીજુશીચીનીચી
બારમી ,, = જુનીનીચી	અઠાવીસમી ,, = નીજુહાચીનીચી
તેરમી ,, = જુસાન્નીચી	ઓગણત્રીસમી, = નીજુકુનીચી
ચૌદમી ,, = જુ યોકકા	ત્રીસમી ,, = સાન્જુનીચી
પંદરમી ,, = જુગોનીચી	એકત્રીસમી ,, = સાન્જુઇચીનીચી
સોળમી ,, = જુરોકુનીચી	મહીનાનો છેલ્લો દિવસ= મીસોકા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દિવસ.

એક દિવસ = ઇચીનીચી	છ દિવસ = રોકુનીચી
બે ,, = નીનીચી	સાત ,, = શીચીનીચી
ત્રણ ,, = મીક્કા	આઠ ,, = હાચીનીચી
ચાર ,, = યોક્કા	નવ ,, = કુનીચી
પાંચ ,, = ગોનીચી	દશ ,, = તોકા

વાર.

સોમવાર= ગેત્સુયોબી	શુક્રવાર= કીન્યોબી
મંગળવાર= ખાયોબી	શનિવાર= દોયોબી
બુધવાર= સુઇયોબી	રવિવાર= નીચીઓ
ગુરૂવાર= મોકુયોબી	વાર= યોબી

મહિના.

જાન્યુઆરી- ઇચીગાત્સુ, શોંગાત્સુ	જુલાઇ- શીચીગાત્સુ
ફેબ્રુઆરી- નીગાત્સુ	આગસ્ટ- હાચીગાત્સુ
માર્ચ- સાન્ગાત્સુ	સપ્ટેમ્બર- કુગાત્સુ
એપ્રીલ- શીગાત્સુ	અકટોમ્બર- જુગાત્સુ
મે- ગોગાત્સુ	નવેમ્બર- જુઇચીગાત્સુ
જુન- રોકુગાત્સુ	ડીસેમ્બર- જુનીગાત્સુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક મહિનો= સ્તોત્સુકી, ઇક્કાગેત્સુ	સાત મહિના=નાનાત્સુકી, શીચીકાગેત્સુ
બે ,, = ફુતાત્સુકી, નીકાગેત્સુ	આઠ ,, = યાત્સુકી, હાક્કાગેત્સુ
ત્રણ ,, = મીત્સુકી, સાનકાગેત્સુ	નવ ,, = કોકોનોત્સુકી, કુકાગેત્સુ
ચાર ,, = યોત્સુકી, શીકાગેત્સુ	દશ ,, = તોત્સુકી, જીક્કાગેત્સુ
પાંચ ,, = ઇત્સુત્સુકી, ગોકાગેત્સુ	અગ્યાર ,, = જુઇક્કાગેત્સુ
છ ,, = મુત્સુકી, રોક્કાગેત્સુ	બાર ,, = જુનીક્કાગેત્સુ
આ મહિને = કોનગેત્સુ	ગયે મહિને= સેનગેત્સુ
આવતે મહિને= રાઇગેત્સુ	આગલે મહિને= સેનસેનગેત્સુ

વરસ.

વરસ= નેન	ગયે વરસ= સાકુનેન, ક્યોનેન	આવતે વરસ= રાઇનેન
એક વરસ= ઇચીનેન	આગલે વરસ= ઇસ્સાકુનેન, ઓતોતોમી	નવું વરસ= શીનનેન
બે વરસ= નીનેન		વરસનો છેલ્લો દિવસ= ઓ મીસોકા
ત્રણ વરસ= સાન્નેન		
આ વરસ= કોનનેન		

કલાક.

એક કલાક = ઇચીજી	સાત કલાક = શીચીજી
બે ,, = નીજી	આઠ ,, = હાચીજી
ત્રણ ,, = સાન્જી	નવ ,, = કુજી
ચાર ,, = યોજી	દશ ,, = જુજી
પાંચ ,, = ગોજી	અગ્યાર ,, = જુઇચીજી
છ ,, = રોકુજી	બાર ,, = જુનીજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અડધો કલાક= હાન્જી	પળ= બ્યો
મીનીટ= પુન. ફુન	કલાક= જી

જાપાનીઝ ભાષામાં ઘડીઆળનો ટાઇમ નીચે પ્રમાણે બોલાય છે.

સુગી= ઉપર માય= કમ

ઇચીજી જુગોફુન સુગી = એકને પંદર મીનીટ ઉપર

નીજી જુફુન માય = બેમાં દશ મીનીટ કમ.

ગુજરાતીમાં જેમ આપણે સવા, દોઢ, પોણાબે, એમ બોલીએ છીએ તેમ જાપાનીઝમાં બોલાતું નથી; પરંતુ જ્યારે વખતની ગણત્રી હોય છે ત્યારે તે લોકો મીનીટનીજ ગણત્રી કરી બોલે છે. જેમકે:—

ઇચીજી ગોજ્જુગોફુન સુગી= એકને પંચાવન ઉપર.

નીજી ગોફુન માય= બેમાં પાંચ મીનીટ કમ.

ઇચીજી સાન્જુફુન સુગી= એક ને ત્રીશ મીનીટ ઉપર.

ઇચીજી યોન્જુગોફુન સુગી= એકને પીસતાલીસ મીનીટ ઉપર.

નીજી જુગોફુન માય— બેમાં પંદર મીનીટ કમ.

જાપાનીઝ લોકો જ્યારે બારને પંદર મીનીટ બોલવું હોય ત્યારે નીચે પ્રમાણે બોલે છે:—

રેજી જુગોફુન સુગી— મીંડું કલાકને પંદર મીનીટ ઉપર, અથવા

જુનીજી જુગોફુન સુગી— બારને પંદર મીનીટ ઉપર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સવારનો ટાઇમ- ગોઝેન   બપોર પછીનો ટાઇમ- ગોગો.
સવારના સાતને પંદર મીનીટે - ગોઝેનનો શીચીજીગોફુન સુગીની.
બપોરના પાંચને દશ મીનીટે - ગોગોનો ગોજી જીપુન સુગીની.

પાઠ ૯ મો.

શીમ્બુન= છાપું	માદે= સુધી	હોમોન= મુલાકાત
ખીશા= અધિપતિ	નેગાઇશો= લેખીત અરજી	નોબોરૂ= ચડવું
કીશા= રેલગાડી		ત્સુકુ= આવીપહોચવું
દેરૂ= બહારજવું, ઉપડવું	દાસુ= દેવું, પોસ્ટકરવું	ખકારૂ= લાગવું.
	તોકોરો= જગ્યા,ઠેકાણું	ઉસ્સો= ખોટું

કોબે શીમ્બુનનો ખીશા વા ખેશાનો કીશાદે ટાકીઓની દેમાસ્તા=
કોબે શીમ્બુનનો અધિપતિ આજે સવારની ગાડીમાં ટાકયો ગયો.
ખેશા હાચીજી માદેની નેગાઇશો દાસ્તે કુદાસાઇ= આજે આઠ વાગ્યા
સુધીમાં મહેરબાની કરી લેખીત અરજી આપજે.
વાતાશીવા ઇસ્સાકુજીત્સુ તોમોદાચીનો તોકોરોની હોમોન શીતારી
યામા નોબોત્તારી શીમાસતા= હું ગઇ પરમ દિવસે દોસ્તદારને ઘેર
જઇ પહાડ ઉપર ચડયો.
મહેતાસાંવા ઇત્સુ નીહોનકારા ખાયરીમાસકા= મી. મહેતા કયારે
જાપાનથી પાછા આવશે?
રાઇનેનનો નીગાત્સુનો ચોકાની બોમ્બે ત્સુકીમાસ= આવતા વરસના
ફેબ્રુઆરી મહીનાની ચોથી તારીખે બોમ્બે પહોચશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નામેરૂસાં વા નીહોનકારા નાનનીચીની ખાયરીમાસતા= મી. નામેલ જાપાનથી કઇ તારીખે પાછા આવ્યા?

થાઇશો કુનેન જુગાત્સુનો કોકોનોકાની ખાયરીમાસતા= સને ૧૯૨૦ ના અકટોંબર મહીનાની નવમી તારીખે પાછા આવ્યા.

કોબેકારા ઓમ્બેમાદે નાનનીચી ખકારીમાસકા ?= કોબેથી મુંબઇ સુધી કેટલા દિવસ લાગે છે?

ફુનેગા હાયહાય આત્તારા નીજુ ની સાનનીચી ખકારીમાસુ= ઉતાવળી સ્ટીમરને બાવીશ ત્રેવીશ દિવસ લાગે છે.

કેદોમો ઓસોઇ અત્તરા સ્તોત્સુકી ઓઇ ખકારીમાસુ= પરંતુ મોડું થાય તો એક મહીના ઉપર લાગે છે.

પાઠ ૧૦ મો.

યાસુમું= પાળવું	કારા= થી	કીમેરૂ= નકીકરવું
માયનીચી= હમેશાં	ફુને- સ્ટીમર	મિસે= ઓફીસ, દુકાન
મીન્ના= બધી	હાયહાય- જલ્દી	ઉત્તારી ખાત્તરી = લેણદેણ
ઓઇ= ઉપર, વધારે	ઓસોઇ- મોડું	નારૂદાકે, દેકીરૂદાકે= જેમબનેતેમ
ત્સુકી- ચંદ્રમા, મહિનો.	રે- મીંડું	

નીહોનની મીન્ના મીસેવા નીચીઓની યાસુમીમાસુ- જાપાનમાં બધી- ઓફીસો રવિવાર પાળે છે.

આનાતાવા કીનો નાનજીનો કીશાદે ખાયરીમાસતા- તમો ગઇકાલે કેટલા વાગ્યાની ગાડીમાં પાછા આવ્યા?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોગોનો શીચીજી સાન્જુ ગોફુનનો કીશાદે ખાયરીમાસતા- સાંજનાં
સાતને પાંત્રીસ મીનીટની રેલમાં પાછો આવ્યો.

કુમોચીએ ઇકુનોવા નામફુન ખકારીમાસકા ?- કુમોચી જવાને કેટલી
મીનીટ લાગશે.

નીજુગોફુન ગુરાઇ ખકારૂ- આશરે પચીશ મીનીટ લાગશે.

ઇમા નાનજી દે ગોઝાઇમાસકા ?- હમણાં કેટલો વખત થયો છે ?

વાતાશીનો તોકેનીવા ગોફુન દે કુજી દેસુ- મારી ઘડીઆળમાં નવમાં
પાંચ મીનીટ કમ છે.

વાતાશીવા માયનીચી મોનોવો ઉત્તારી ખાત્તારી શીમાસુ- હું હમેશાં
માલની લેણદેણ કરૂં છું.

માદા કીમેમાસેન- હજુ નકી કીધું નથી.

દારેમો કીમાસેન દેશીતાકા ?- કોઇ આવ્યું નહી કે ?

નારૂદાકે હાયાકુ, દેકીરૂ દાકે હાયાકુ- જેમ બને તેમ જલ્દી.

નારૂદાકે થાકસાં- જેમ બને તેમ વધારે.

આનાતાવા દેકીમાસુ કા ?- તમારાથી થઇ શકશે કે ?

અપુર્ણાંક વિગેરે.

જાપાનીઝમાં ગુજરાતીથી ઉંધી રીતે અપુર્ણાંક બોલવામાં આવે છે પણ ગુજરાતીમાં "આંસ" બોલીએ છીએ તેને લગતો જાપાનીઝ શબ્દ "બુન" છે તે ધ્યાનમાં રાખવાની જરૂર છે. જેમકેઃ— $\frac{1}{2}$= હાચી બુનનો ઇચી, $\frac{1}{3}$= સામ્બુનનો ઇચી, $\frac{3}{4}$= શી બુનનો સાન.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"અડધો" જ્યારે બીજા શબ્દો સાથે જોડવામાં આવે છે ત્યારે તેનો તરજુમો "હાન" શબ્દથી થાય છે જેમકેઃ—

½= ની બુનનો ઇચી, પણ, અડધોવાર= હાન યાર્ડ, અડધો રતલ= હાન્પોન્ડો.

ગુજરાતીમાં "ટકો" શબ્દનો તરજુમો જાપાનીઝમાં "બુ" શબ્દથી થાય છે. પરંતુ જ્યારે દશ ટકા, વીશ ટકા, એમ બોલવું હોય છે ત્યારે જુબુ, નીજુબુ, એમ ન બોલતાં ઇચી વારી, નીવારી, એમ બોલાય છે. ટુંકામાં વારી= દશ ટકા એમ સમજવું.

ઘરના નંબર શહેરના જે ભાગમાં પરદેશીઓ વસે છે તે ઘરના નંબર બોલ્યા બાદ "બાન" શબ્દ વાપરી ઉચ્ચારવામાં આવે છે જેમકેઃ - આપની ઓફીસનો શું નંબર છે?=આનાતાનો મીસેવા નામ્બાન દેસુકા? કુજુનીબાન દેસુ= નંબર ૯૨ છે.

પરંતુ જે ભાગમાં જાપાનીઝ લોકો વસે છે તે ભાગના મકાનોની ગણત્રી કરવામાં "બાન" શબ્દને બદલે "બાન્ચી" શબ્દ વાપરવામાં આવે છેઃ— તાનાકાસાંનો ઘરનો નંબર શુ છે ?= તાનાકાસાંનો ઇયે વા નામ્બાન્ચી દેસુકા ? સાન્જુયો બાન્ચી દેસુ= નંબર ૩૪ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરાતીમાં **ચીજો અથવા પ્રાણીઓની ગણત્રી** કરતી વખતે કશા ખાસ શબ્દો વાપરવાની જરૂર નથી જ્યારે જાપાનીઝમાં અમુક ચીજો અથવા પ્રાણીઓની ગણત્રી કરતી વેળાએ ખાસ શબ્દો મુકવા પડે છે. જેની વીગત નીચે જોવાથી સમજાશે:—

"**વહાણ**"ની ગણત્રી કરતી વેળાએ "સો" શબ્દ વાપરવામાં આવે છે જેમકે:— ઇસ્સો, નીસો, સાન્સો,= એક વહાણ, બે વહાણ, ત્રણ વહાણ.

"**ઘર**"ની ગણત્રી માટે "કેન" શબ્દ વાપરવામાં આવે છે. જેમકે:— ઈકકેન, નીકેન, એક ઘર, બે ઘર.

"**ચોપડી**" તથા તેવી ચીજોની ગણત્રી કરતી વખતે "સાત્સુ" શબ્દ વાપરવામાં આવે છે:— ઈસ્સાત્સુ, નીસાત્સુ, સાન્સાત્સુ= એક ચોપડી, બે ચોપડી, ત્રણ ચોપડી,

"**જોડા, મોજાં**," વિગેરે જોડી દર્શક પદાર્થોની ગણત્રી કરતાં "સોકુ" શબ્દનો ઉપયોગ કરવામાં આવે છે. જેમકે:— ઇસ્સોકુ, નીસોકુ, સાન્સોકુ= એક જોડી, બે જોડી, ત્રણ જોડી.

"**ચા, પાણી, દારૂ**" વિગેરે પ્રવાહી પદાર્થોના પ્યાલાની ગણત્રી કરતાં "હાઇ" શબ્દ વાપરવામાં આવે છે:—
ઈપ્પાઇ, નીહાઇ, સામ્બાઇ,= એક પ્યાલો, બે પ્યાલા, ત્રણ પ્યાલા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"**કાગળ, સાદડી, કપડાં, નોટ,**" વિગેરેની ગણત્રી કરતાં "માઇ" શબ્દનો ઉપયોગ કરવામાં આવે છે જેમકે:— ઇચી માઇ, નીમાઇ,= એક કાગળ, બે કાગળ.

"**રીક્ષા, ગાડી, બાયસીકલ**" વિગેરે ચીજોની ગણત્રી કરતાં "દાઇ" શબ્દનો ઉપયોગ થાય છે, જેમકે:— ઇચી દાઇ, નીદાઇ, સાન્દાઇ,= એક ગાડી, બે ગાડી, ત્રણ ગાડી.

"**જનાવરો**"ની ગણત્રી કરતી વેળાએ "હીકી" પ્રત્યય લગાડવામાં આવે છે જેમકે:— ઇપ્પીકી, નીહીકી, સામ્બીકી,= એક જનાવર, બે જનાવર, ત્રણ જનાવર.

"**માણસ**"ની ગણત્રી કરતી વખતે "નીન" પ્રત્યયનો ઉપયોગ થાય છે જેમકે:— ઇચીનીન, નીનીન, સાન્નીન= એક માણસ, બે માણસ, ત્રણ માણસ.

વળી એક માણસ એટલે એકલો= સ્તોરી, બે માણસ એટલે બન્ને= ફુતારી, તેમ પણ વાપરવામાં આવે છે.

"**બાટલી, લાકડી, પેનશીલ, રૂલ**" વિગેરે લાંબી તથા ગોળ વસ્તુની ગણત્રી કરતી વેળાએ "હોન" શબ્દનો ઉપયોગ કરવામાં આવે છે જેમકે:— ઇપ્પોન, નીહોન, સામ્બોન,= એક બાટલી, બે બાટલી, ત્રણ બાટલી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૧૧ મો.

નેગાર= કસવું.	ગેનકીન= રોકડ	સોન= નુકશાન
જયોઝ= હુશીઆર	આઇદા= વખત	વારીબીકી=કમતી ભાવ
માકેર=ભાવ કમતી કરવો	તોકુઇ= ઘરાક	તોકારો=ઘર, ઠેકાણું
દોગુ= માલ	નાર= થવું.	ચોમે= રસ્તો

આનોરતો વા નેગીરની જયોઝ દેસુ= તે કસવામાં હુશીઆર છે.

કેદોમો વાતાશી માકેરનારા શીખુનનો સાન સોન દેસુ= પણ હું ભાવ ઘટાડું તો મને ૦ાા ટકો નુકશાન થાય છે.

વાતાશીવા સાકુજીત્સુ આનો રતોની કોનો દોગુ વો ઇચી બુનો વારીબીકી દે ગેનકીન દે ઉરીમાસતા = મેં ગઇકાલે તેને આ માલ ૧ ટકે કમતી ભાવે રોકડે વેચ્યો.

આનાતાવા વાતાશીદોમોનો નાગાઇ આઇદાનો ઓતોકુઇ દેસુ કરા વાતાશીવા ઇચીબુદાકે માકેમાસુ = તમે અમારા લાંબા વખતના ઘરાક છો તેથી હું એક ટકો ઓછો કરીશ.

નીબુનનો ઇચીતો શીબુનનોસાન વા ઇચીબુ શીબુનનો ઇચી નારીમાસુ = અડધો ટકો તથા પોણો ટકો મળીને સવા ટકો થાય છે.

આનાતાનો કોબેનો મીસે વા નામ્બાન દેસુ કા?= તમારી કોબીની ઓફીસનો શું નાં. છે ?

કીઓ માચીનો કુજુનીબાન દેસુ= નાં. ૯૨, કીઓમાચી છે.

કુમોચીબાશી ડોરી ચોન્ચોમે સાન્જુશીનો ની બાન્ચી દેસુ = કુમોચીબાશી ડોરીના ચોથા રસ્તાપરનાં નાં. ૩૪/૨ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૧૨ મો

શોશેત્સુ= નોવેલ	બોયસાં=બોય, હમાલ	કુત્સુ= જોડા
કોશરાઉ= બનાવવું	જોબુકુરો= કવર	ઇપ્પોન= એક બીડી
માત્સુ= સબુર કરવું	આરૂકુ= ચાલવું	તેગામી= કાગળ
જોગામી= લેટર પેપર.	ઉએ= ઉપર	અંગારૂ= લેવું

કોનાઇદાનો ખાત્તા શોશેત્સુ સાનસાત્સુ વા ઓમોશીરોઇ દાત્તા— કેટલાક દિવસપર લાવેલ ત્રણ નોવેલો ઘણી મજાની હતી.

કુત્સુ ઇસ્શોકુ કોશરાત્તે મોરાઇતાઇદેસુ— એક જોડી જોડા શીવડાવવાના છે.

નાનનીચી ખકારીમાસકા ?— કેટલા દીવસ લાગશે ?

આમાસાં, ઓચા સામ્બાઇ મોતેકીત્તે કુદાસાઇ— આમાસાં, મેહરબાની કરી ત્રણ કપ ચા લાવો.

ચોત્તો માત્તે કુદાસાઇ, જોગામી ની સામ્બાઇ ખાકીમાસુ— બે ત્રણ કાગળ લખું તેટલો વખત જરા સબુર કરો.

બોયસાં. જીનરીક્ષા સાનદાઇ યોન્દે ઓકુરે— બોયસાં ત્રણ રીક્ષા બોલાવો.

મા, દોઝો. ઇપ્પોન ઓ આંગારી નાસાઇ— લ્યો, લ્યો, એકાદ બીડી લ્યો.

વાતાશીતો, ભાગુવતસાંતો ઓજી-માસાંતો સાનનીન ઇસ્યોની આરીમા આરૂઇતે ઇત્તા કોતો આરીમાસુ = હું તથા મી. ભાગવત તથા મી. ઓજીમા ત્રણે જણ સાથે આરીમા ચાલીને ગયેલા છીએ.

બોયસાં, ની સાન જોબુકુરોની ઉએ તોકોરો ખાઇતે કુદાસાઇ— બોય, મહેરબાની કરી બે ત્રણ કવર ઉપર સરનામાં કરો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્રિયા વિશેષણ.

જાપાનીઝ ભાષામાં ક્રિયાવિશેષણો ઘણી રીતે બનેછે.

જે જે વિશેષણોને છેડે આઇ, એ, યુ, આવે છે તેને 'કુ' પ્રત્યય લગાડી ક્રિયાવિશેષણ બનાવવામાં આવે છે. જેમકેઃ— થકાઇ– થકાકુ, યાસુઇ– યાસુકુ.

નામને "ની" પ્રત્યય લગાડી ક્રિયાવિશેષણ બનાવવામાં આવે છે. જેમકેઃ— કીરેઇ– કીરેઇની.

ક્રિયાપદના વર્તમાનકાળના મુળરૂપને "ની" પ્રત્યય લગાડીને પણ ક્રિયાવિશેષણ બનાવવામાં આવે છે. જેમકેઃ— તોરીની કીત્તા– લેવાને આવ્યો.

"તો "તથા" યા"

જાપાનીઝ ભાષામાં "અને" ને માટે "તો" અથવા "યા" શબ્દ વપરાય છે, પણ આપણે વાકયમાં "અને" ફક્ત છેવટની બાબતની અગાઉ વાપરીએ છીએ. તેથી ઉલટું જાપાનીઝ ભાષામાં "તો" બધી બાબતો પછી વાપરી, ફક્ત છેવટજ વાપરવામાં આવતો નથી જેમકેઃ— શાક, ફ્રુટ, અને ખાંડ ખરીદી– યાસાઇ તો, કુદામોનો તો સાતોવો ખાઇમાસતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

